For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**પાણીની પળોજણ : પાણી ન મળતા માટલા ફોડી વિરોધ નોંધાવ્યો તો બીજીતરફ પૂર્વ વિસ્તારમાં રસ્તા ઉપર નદીઓ વહેતી થઈ**

# વારસિયાની શિવધરા સોસાયટીમાં પાણી મુદ્દે આક્રોશ

**કોર્પોરેશનની** હાય હાય બોલાવી પાણી આપો ના લગાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

વડોદરા શહેરમાં દિવસેને દિવસે પાણીનો પ્રશ્ન પેચીદો બની રહ્યો છે. અનેક વિસ્તારોમાં પાણીનો કકળાટ જોવા મળી રહ્યો છે અને પાણી ન મળતા રહીશો આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. શહેરના વારસિયા વિસ્તારમાં આવેલી શિવધારા સોસાયટીના રહીશોએ છેલ્લા કેટલાય સમયથી પાણી ન મળવાના કારણે માટલા ફોડી વિરોધ નોંધાવ્યો હતો.

વડોદરા મહાનગરપાલિકા શહેરીજનોને ભર ઉનાળે પીવાનું પૂરતું પાણી આપવાના મુદ્દે તદ્દન નિષ્ફળ નીવડી છે. માત્ર મોટી મોટી વાતો અને હથેળીમાં ચાંદ બતાવવા માટે પંકાયેલી વડોદરા મહાનગરપાલિકાના અધિકારીઓની અણઆવડત અને નપાણીયા નેતાઓની ઈચ્છા શક્તિના અભાવે લોકો પાણી માટે વલખા મારી રહ્યા છે. શહેરમાં પૂર્વ વિસ્તારમાં પાણીની સમસ્યા હજુ યથાવત છે તેવામાં વારસિયા વિસ્તારની શિવધરા સોસાયટીના રહીશો દ્વારા મંગળવારે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો અને સોસાયટીની બહાર જ મહિલાઓએ એકત્રિત થઈ કોર્પોરેશનની હાય હાય બોલાવી હતી. છેલ્લા કેટલાય મહિનાઓથી પૂરતું પાણી ન મળતું હોવાનો આક્ષેપ સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યો છે. ત્યારે મહિલાઓએ માટલા ફોડી પોતાનો અવાજ કોર્પોરેશનના તંત્રના બહેરા કાન સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો.



શિવધારા સોસાયટીની મહિલાઓએ પાણી ન મળતા માટલા ફોડી કોર્પોરેશનની હાય હાય બોલાવી વિરોધ નોંધાવ્યો હતો. (તસવીર : રણજીત સૂર્વે)

## • ટાંકીઓ પર કેટલુ પાણી આવ્યું એ માપવાની સ્કાડા સિસ્ટમ ફેલ

શહેરમાં પાણીના મુદ્દે રહીશો ત્રસ્ત થઇ ઉઠ્યા છે ત્યારે પાલિકાની ટાંકીઓ ઉપર કેટલું પાણી આવ્યું તે માપવા લગાવાયેલી સ્કાડા સિસ્ટમ સદંતર નિષ્ફળ નીવડી હોવાનો આક્ષેપ ભાજપાના જ કોર્પોરેટર આશિષ જોષીએ કર્યો છે તેઓએ મુખ્યમંત્રીને પત્ર લખી જણાવ્યું છે કે સ્કાડા સીસ્ટમ વડોદરા શહેરમાં ફેઝ- 1 માં લગભગ રૂ.65 લાખના ખર્ચે તથા ફેઝ-2 માં હાલમાં જ રૂ.125 કરોડના ખર્ચે બનાવામાં આવી ચારેય પાણીના સ્ત્રોત પરથી શહેરની ટાંકીઓ પર કેટલુ પાણી આવ્યુ એ માપવાની સ્કીમ એટલે સ્કાડા. આ સ્કીમમાં ફ્લો મીટર, બટરફ્લાય વાલ સાથે ફ્લોમીટર પર પાણીનો દર્શાવે તેવી સ્ક્રીન આ ખર્ચમાં આવરી લેવામાં આવી. ત્યાર બાદ, ફેઝ-2 એટલે ટાંકી પરથી સોસાયટી વિસ્તાર સુધી કેટલુ પાણી પહોચ્યું ? તેના પર મીટર, બટર ફ્લાય વાલ્વ અને ફ્લો દર્શાવતી સ્ક્રીન તેનો ખર્ચ રૂ.125કરોડ અને તે પણ પૂર્ણ થઇ ગયેલ છે પરંતુ આ સિસ્ટમ બતાવેલ બાબતોએ સફળ થતી હોય તેવું લાગતુ નથી અને નાણાનો વ્યય થયો છે. તેવી રજુઆત કરી છે. અને નિષ્ણાતો દ્વારા તપાસ કરાવવામાં આવે તેવી પણ માગ કરવામાં આવી છે.

## • જેમણે આખા શહેરને દૂષિત પાણી પીવડાવ્યું હતું તેઓને જ પુનઃ એકવાર ચાર્જ સોંપાયો

મહાનગરપાલિકામાં પાણી પુરવઠા વિભાગ પુનઃ એકવાર સીટી એન્જીનીયર અલ્પેશ મજમુદારને સોંપવામાં આવ્યું છે. ફેબ્રુઆરી મહિનામાં અમૃત મકવાણા અને ત્યાર બાદ 1 એપ્રિલે તળપદા નિવૃત્ત થતા તેઓના સ્થાને હવે પાણી પુરવઠા વિભાગ અલ્પેશ મજમુદારને સોંપવામાં આવ્યું છે. આ એ જ અધિકારી છે જેઓએ વર્ષે 2019 માં સમગ્ર શહેરને સતત ચાર મહિના સુધી દુષિત પાણી પીવડાવ્યું હતું. તેઓને મે 2019માં સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા હતા. જે તે સમયે અલ્પેશ મજમુદારના માથે શહેરીજનોને શુધ્ધ અને પ્રમાણસર પાણીનો જથ્થો મળે તેવી જવાબદારી હતી. પરંતુ, તેઓએ શહેરીજનોનું આરોગ્ય જોખમાય તેવું દુષિત પાણી પીવડાવી શહેરીજનોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં કર્યા હતા. જેના કારણે તત્કાલીન મ્યુનિસિપલ કમિશ્નર અજય ભાદુએ તેઓને સસ્પેન્ડ કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિમાં મૂકી હતી અને ત્યાર બાદ સસ્પેન્ડ કરાયા હતા. પૂર્વ અને દક્ષિણ ઝોનના સાડા છ લાખ લોકોને દુષિત પાણી મળતું હતું જેની ફરિયાદ બાદ ચકાસણી કરાતા નિમેટા ફિલ્ટરેશન પ્લાન્ટમાં લાખો ટન રગડો બહાર નીકળ્યો હતો. હવે પુનઃ એકવાર તેઓને જ પાણી પુરવઠા વિભાગ સોંપવામાં આવ્યું છે ત્યારે શું પાલિકા પાસે બીજા કોઈ સક્ષમ અધિકારી જ નથી તેવી પણ ચર્ચા ચાલી રહી છે.



જેના કારણે અલ્પેશ મજમુદાર સસ્પેન્ડ થયા હતા તે નિમેટા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની 2019ની તસવીર

### સોરઠીયાના કારણે શહેર તરસ્યું રહ્યું

વેલજી રત્ન સોરઠીયા નામના અગાઉ બ્લેક લિસ્ટ કરાયેલા કોન્ટ્રાક્ટરના માણસોની બેવકૂફીને કારણે અડધું વડોદરા બે દિવસ સુધી તરસ્યું રહ્યું છે. આજવા પાસે એરવાલ તૂટી ગયો, જોકે રીપેર પણ કર્યો, પરંતુ પૂર્વ વડોદરાની ચાર ટાંકીઓમાં હજી પણ પૂરતા પ્રેશરથી પાણી આવતું નથી. કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરી કરવામાં આવી રહી હતી તે દરમિયાન આ એરવાલ તૂટી ગયો હતો.

## • ફતેગંજ પાસે સર્જાયેલા ભંગાણના સમારકામનું આખરે મુહૂર્ત નીકળ્યું

ફતેગંજ બ્રિજ પાસે છેલ્લા ચાર દિવસથી પાણીની લાઈનમાં ભંગાણ હતું જો કે મંગળવારે આખરે તેના સમારકામનું મુહૂર્ત નીકળ્યું હતું અને પાલિકા તંત્રે તેના સમારકામની કામગીરી હાથ ધરી છે. ફતેગંજ પોસ્ટ ઓફિસની સામે ફાજલપુરની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાયું હતું. છેલ્લા ચાર દિવસથી આ ભંગાણ પડ્યું હતું જેના કારણે સવાર અને સાંજના સમયે હજારો લીટર પાણી રોડ ઉપર વહી જતું હતું. એક તરફ શહેરમાં લોકોને પૂરતું પાણી નથી મળી રહ્યું તો બીજી તરફ ચાર દિવસથી આ ભંગાણના કારણે લાખો લીટર પાણી વેડફાયું હતું. જો કે પાલિકાએ મોડે મોડે મંગળવારથી આ ભંગાણની મરામતની કામગીરી શરૂ કરાવી છે. સંભવતઃ એક દિવસમાં આ કામગીરી પૂર્ણ થઇ જશે અને તેના કારણે ઉત્તરઝોનના લોકોને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહેશે.



## • પાણીની ઉઠી રહેલી બૂમો વચ્ચે બાપોદ તળાવ સામે વાલ્વમાં લિકેજ થતાં માર્ગ પર નદી વહેતી થઈ, હજારો લિટર પાણી વહી ગયું

બાપોદ તળાવ સામે પાણીના વાલ્વમાં લીકેજ થતા માર્ગ પર હજારો લીટર પાણી ગટરમાં વહી ગયું હતું. જ્યારે રોડ પર નદી વહી રહી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. વડોદરા શહેરમાં વગર ચોમાસે વરસાદી માહોલ સર્જાયો હતો. હાલ શહેરના પૂર્વ વિસ્તારમાં નાગરીકો પીવાના શુદ્ધ પાણી માટે વલખા મારી રાહ્યા છે. ત્યારે પૂર્વ વિસ્તારમાં પાલિકા તંત્રની નિષ્કાળજીના પગલે પીવાના પાણીના વાલ્વમાં લીકેજ થતા શુદ્ધ પીવાના પાણીના વાલ્વ માંથી ફુવારો ઉડતા હજારો લિટર પીવાનું શુદ્ધ પાણી ગટરમાં વહી ગયું હતું, તેમજ પાણી વિતરણના સમયે લોપ્રેસરથી પાણી મળવાથી હજારો નાગરિકોએ હાલાકી વેઠવી પડશે. શહેરના પૂર્વ વિસ્તારના નાગરિકો દુષિત પાણી અને પૂરતા પ્રેસર સાથે પીવાનું પાણીની ના મળતું હોવાની સમસ્યાથી ઝઝૂમી રહ્યા હોય ત્યારે કોર્પોરેશન તંત્રની નિષ્કાળજીના કારણને વારંવાર પીવાંના શુદ્ધ પાણીની લાઈનમાં ભંગાણ તેમજ વાલ્વમાં લીકેજ સર્જાતા હજારો લીટર શુદ્ધ પીવાના પાણીનો બગાડ થઇ રહ્યો છે. નિદ્રાધીન તંત્ર દ્વારા તાત્કાલિક જ્યાં જ્યાં પાણીની લાઈનમાં તેમજ આવા વાલ્વમાં લીકેજના સમારકામની કામગીરી હાથ ધરી પૂર્વ વિસ્તારમાં પાણીની સમસ્યાનું નિરાકરણ લાવવાની સ્થાનિકો માંગ કરી રહ્યા છે.



---

**ફોર્મ ભરવાની મુદત વધારીને 30 માર્ચ કરવામાં આવી હતી**

# આરટીઈ હેઠળ પ્રવેશ માટે 12 હજારથી વધુ ફોર્મ ભરાયા

**8328 મંજુર,** 1100 રિજેક્ટ અને 2600 ફોર્મ કેન્સલ કરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.2

રાઈટ ટુ એજ્યુકેશન એકટ હેઠળ ગત તા.14 માર્ચથી પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ કરવામાં આવી હતી. જે આગામી 26 માર્ચ સુધી ચાલનાર હતી. જોકે મુદત વધારી આગામી 30 માર્ચ સુધી કરવામાં આવી હતી. ત્યારે કુલ 12028 વાલીઓએ વિદ્યાર્થીઓના આરટીઈ હેઠળ પ્રવેશ મેળવવા ફોર્મ ભર્યા હતા. જેમાંથી 8328 અરજી મંજૂર કરવામાં આવી છે. 1100 રદ તો 2600 અરજી કેન્સલ કરવામાં આવી હતી.

આરટીઈ હેઠળ ખાનગી શાળામાં પ્રવેશ અપાવવા માટે ગરીબ અને મધ્યમવર્ગના વાલીઓ દર વર્ષે આતુરતાથી રાહ જોતા હોય છે. ત્યારે સરકાર દ્વારા વર્ષ 2024 માટેની આરટીઈ પ્રવેશ પ્રક્રિયાની તારીખ 14 થી 26 માર્ચ સુધી જાહેર કરવામાં આવી હતી. જોકે મુદત વધારીને 30 માર્ચ સુધી કરવામાં આવી હતી. જાહેર રજાઓના કારણે અરજદારોને આવકનો દાખલા જાતિના દાખલા જેવા આનુસંગિક આધારો મેળવવામાં વિલંબ થતો હોવાના કારણે વિવિધ માધ્યમો થકી જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ આરટીઇ હેઠળ પ્રવેશ મેળવવા અર્થે અરજી કરવાની સમય મર્યાદા વધારી આપવા રજૂઆત કરવામાં આવી હતી. જેને ધ્યાનમાં લઈને હવે આરટીઇ હેઠળ પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન અરજી કરવાનો સમય ગાળો 30 માર્ચ રાત્રિના 12 વાગ્યા સુધી લંબાવવામાં આવ્યો હતો. જેમાં વડોદરામાંથી 12028 ફોર્મ ભરાયા હતા. પ્રતિવર્ષે હજારોની સંખ્યામાં વાલીઓ દ્વારા આરટીઇ હેઠળ પ્રવેશ લેવા માટે અરજી કરવામાં આવતી હોય છે જોકે બેઠકો ઓછી હોવાના કારણે મેરીટના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવતો હોય છે ગત વર્ષે શહેરમાં આઠ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓએ આરટીઈમાં પ્રવેશ માટે ફોર્મ ભર્યા હતા. જોકે તેની સામે માત્ર 3000 જેટલી બેઠકો જ હોવાથી 5,000 જેટલા વિદ્યાર્થીઓ આ પ્રક્રિયા હેઠળ પ્રવેશ મેળવી શક્યા ના હતા. હાલ ચાલુ વર્ષ ની આરટીઇ ની પ્રવેશ પ્રક્રિયામાં 12028 ફોર્મ ભરાયા હતા. જેમાંથી 8328 ફોર્મ મંજુર કરવામાં આવ્યા છે.

# કિશનનગર બસસ્ટોપ નજીક બાઈકચાલક પાસેથી 26,070નો દારૂ પકડાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.2,

વડોદરા તાલુકાના કિશનનગર બસસ્ટોપ નજીકથી એક બાઈકચાલક પાસેથી 26,070 નો દારૂ મળી કુલ76,070 નો મુદામાલ ઝડપી પાડી ઈસમની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા તાલુકાના કિશનનગર બસસ્ટોપ નજીક સોમવારે સવારે સિલ્વર કલરની બાઈક પર એક શંકાસ્પદ વ્યક્તિ નામે રઈશ ઉર્ફે બાદશાહ હુસેન વાણીયાવાલા (રહે. એકતાનગર, આજવારોડ) પસાર થતો હતો તે દરમિયાન વરણામા પોલીસે શંકા જતાં તેને અટકાવી તપાસ કરતાં તેની પાસેથી અંદાજે 26,070 ની કિંમતનો દારૂ મળી આવ્યો હતો સાથે જ બાઈક સહિત નો કુલ 76,070નો મુદામાલ કબ્જે કરી પોલીસે બાઈક ચાલક રઈશ ઉર્ફે બાદશાહની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**સરકારી અનાજના ગોડાઉન ખાતે પુરવઠા શાખાની ઝોનલ 1 ની કચેરી બહાર અરજદારોની ભીડ**

# e-kyc કરવાની કામગીરી વિલંબથી શરૂ થતાં અરજદારો રોષે ભરાયા

**અધિકારી** મિટિંગમાં વ્યસ્ત હોઈ અરજદારો તાપમાં શેકાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.2

સરકાર દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ આધાર કાર્ડ અને રેશન કાર્ડને લિંક કરવાની કામગીરી હાલ ચાલી રહી છે. ત્યારે શહેરના હુજરાત પાગા સરકારી અનાજના ગોડાઉન ખાતે આવેલી પુરવઠા શાખાની ઝોનલ 1 ની કચેરીમાં લિંક કરવાની કામગીરી ચાલે છે. જે કામગીરી બપોરના 12 વાગ્યા સુધી શરૂ નહિ થતા વહેલી સવારથી આવેલા અરજદારો અટવાયા હતા. વિલંબથી કામગીરી શરૂ થતાં અરજદારોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો.



વડોદરા શહેરના હુજરાત પાગા સરકારી અનાજના ગોડાઉનમાં કેવાયસીની કામગીરી કરવામાં આવે છે. જ્યાં દરરોજ મોટી સંખ્યામાં લોકો કેવાયસી કરાવવા માટે આવતા હોય છે. સાથે સાથે હાલ ચૂંટણીલક્ષી તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. ચૂંટણીનું કામ હોવાથી કેવાયસીનું કામ કરનાર અધિકારી ઓફિસમાં વ્યસ્ત રહે છે. અધિકારીના થંબ ઈમ્પ્રેશનથી સમગ્ર સિસ્ટમ શરૂ થાય છે. પરંતુ હવે અધિકારી ચૂંટણીલક્ષી તૈયારીઓમાં વ્યસ્ત હોવાથી કેવાયસી માટે આવેલા અરજદારોને ધરમના ધક્કા ખાવાનો વારો આવ્યો છે. હાલ ગરમી અને ઉકળાટ વચ્ચે લોકોને હાલાકી પડતા લોકોમાં તંત્ર વિરુદ્ધ ભારે આક્રોશ વ્યાપ્યો છે. લોકોના આક્ષેપ છે કે વહેલી સવારથી આવીને અમે બેસી રહીએ છીએ, અધિકારીઓ ન ફરકતા ગરમીમાં શેકાવાનો વારો આવ્યો છે ઓફિસમાં પહોંચતા યોગ્ય જવાબ પણ મળતો નથી તેમજ જો અધિકારી ચૂંટણીલક્ષી તૈયારીઓમાં વ્યસ્ત હોય તો જેટલા દિવસ કામગીરી ન થવાની હોય તેટલા દિવસ માટે સૂચનાનું અહીં બોર્ડ મારવામાં આવે તેવી માંગ કરી હતી. ફરજ પર હાજર ઓપરેટરે જણાવ્યું હતું કે કલેકટર કચેરીમાં મીટીંગ હોવાથી મેડમ ત્યાં ગયા છે. જાણ કરી દીધી છે, મીટીંગ પૂર્ણ થયા બાદ તરત જ મેડમ આવી જશે.

**એપ્રિલ થી 18જુન સુધીનો સમયગાળો રાજા, મંત્રી ,સેનાપતિ માટે અશુભ સૂચવે છે**

# 8 એપ્રિલે ખગ્રાસ સૂર્ય ગ્રહણ ભારતમાં નહીં દેખાય

**પંદર દિવસમાં** જ બે ગ્રહણથી મહાભારત જેવી સ્થિતીનુ નિર્માણ થવાની શક્યતા નકારી શકાય નહીં

(પ્રતિનિધિ) વડોદરા તા.02,

તારીખ 25 માર્ચ ના રોજ કન્યા રાશિ માં ચંદ્ર ગ્રહણ થયું હતું આ ચંદ્ર ગ્રહણ ભારત માં દેખાયું નથી આ ગ્રહણ અમેરિકા માં દેખાયું હતું અને 15 દિવસ માજ તારીખ 8 એપ્રિલ ના રોજ સૂર્યગ્રહણ થવાનું છે જોકે આ સૂર્યગ્રહણ ભારતમાં દેખાવાનું નથી પરંતુ આ સૂર્યગ્રહણ નો પ્રભાવ દેશ અને દુનિયા પર પડશે મેષ રાશિ માં થનારું આ સુર્ય ગ્રહણ ભારત ના સમય અનુસાર રાત્રે 9:12 મિનિટે શરૂ થશે અને રાત્રે 02 અને 22મિનિટે મોક્ષ એટલે કે પુરૂ થશે આ ગ્રહણ ભારત માં દેખાવાનું નથી.

15 દિવસની અંદર બે ગ્રહણનો વિશેષ પ્રભાવ દેશ દુનિયા પર ખાસ મહાભારત જેવી સ્થિતિ સર્જાય તો નવાઈ નઈ સાથે દેશ અને દુનિયા માટે ભય કુદરતી આફતો માનવ સર્જિત આફતો ઉગ્રતા દુનિયાના અનેક દેશો દુશ્મન દેશો પર લાલ આંખ કરે આક્રમણ કરે તો પણ નવાઈ નહીં વર્તમાન ગ્રહ ગોચર અને આગામી ગ્રહ ગોચર સાથે 15 જ દિવસમાં બે ગ્રહણ નો એ વિશેષ



પ્રભાવ જોતા ખાસ કરીને એપ્રિલ ,મે અને 18 જૂન સુધી સેનાપતિ રાજા મંત્રી પ્રજા માટે અશુભકારક છે રાજા એટલે કે કોઈપણ દેશના વડાપ્રધાન રાષ્ટ્રપતિ કે કોઈપણ રાજ્યના મુખ્યપ્રધાન ટૂંકમાં કોઈપણ પ્રધાન કે નગરના કે રાજ્યના મુખ્ય માટે અશુભ સૂચક છે જે કોઈપણ દેશના મંત્રીઓ સેનાપતિ માટે પણ અશુભ સૂચક ગણાય રાજકીય ક્ષેત્રે જોવા જઈએ તો મોટા નેતાઓના બદનામ થવાના યોગ પ્રબળ બને નેતાઓના કાંડ જાગૃત થાય તેવા પણ યોગ સક્રિય બને રાજકીય ચૂંટણીમાં પણતેનો પ્રભાવ જોવા મળે આર્થિક ક્ષેત્રે પણ ખૂબ મોટા પાયે ઉતાર ચડાવ જોવા મળે આર્થિક કટોકટી પણ ઘણા દેશો જાહેર કરી શકે તેવા પણ યોગ સર્જાય શેર માર્કેટમાં પણ ખૂબ મોટાભાઈ ઉતાર ચડાવ જોવા મળે 15 દિવસમાં બે ગ્રહણનો સીધો પ્રભાવ પ્રજા પર પણ જોવા મળે પ્રજા પણ સરકાર પ્રત્યે ઉગ્ર જોવા મળે વર્તમાન કુદરતી આફતોમાં વાવાઝોડા વરસાદ ગરમી મને ઠંડી ત્રણેયવૃતોનો વિશેષ પ્રભાવ જોવા મળે ખાસ કરીને એપ્રિલ મહિના માં ગરમી અતિ જોવા મળે સાથે આગ જની ના બનાવો પણ જોવા મળે પેટ્રોલ ડીઝલ તેલના ભાવમાં વધારો જોવા મળે ખાદ્ય પદાર્થો પણ મોંઘા થાય પ્રજામાં વિશેષ રોષ જોવા મળે બાર રાશિના જાતકો પર પણ તેનો પ્રભાવ જોવા મળે ખાસ કરીને મિથુન,કુંભ, સિંહ અને તુલા રાશિના જાતક ને શુભ પ્રભાવ જોવા મળે ,વૃષભ,અને ધન રાશિ ના જાતકોને ને મધ્યમ પ્રભાવ જોવા મળે કર્ક,વૃશ્ચિક, મીન,મેષ,મકર અને કન્યા રાશિ ના જાતકોને ને અશુભ પ્રભાવ જોવા મળે અશુભ ફળ થી રાહત પ્રાપ્ત કરવા માટે ભગવાન વિષ્ણુ ની ભક્તિ અને હનુમાન ચાલીસાના પાઠ કરવા લાભ કારી રહે તેમ જ્યોતિષાચાર્ય સત્યમ મહેન્દ્રભાઈ જોષીએ જણાવ્યું હતું.

# પાલિકા હસ્તકની લાલબાગ પાણીની ટાંકી તોડવાની કામગીરીની શરૂઆત

**સ્ટ્રક્ચર** અત્યંત જર્જરિત થતા ટાંકી જમીનદોસ્ત કરવાનો નિર્ણય લેવાયો

**સંપૂર્ણ** તોડતા 15 દિવસ જેટલો સમય લાગશે

(પ્રતિંનિધિ) વડોદરા, તા. 2

પાલિકા હસ્તકની અત્યંત જર્જરિત થઈ ગયેલી લાલબાગ પાણીની ટાંકી તોડવાની કામગીરી સોમવારે હાથ ધરવામાં આવી છે. સમગ્ર ટાંકી જમીનદોસ્ત કરતા અંદાજે ૧૫ દિવસ જેટલો સમય લાગી શકે છે.

છેલ્લા ઘણા સમયથી લાલબાગ પાણીની ટાંકીના પિલ્લર સહિતના સ્ટ્રક્ચર હલી ગયા હતા . અને ગમે



ત્યારે તે તૂટી પડે તેવું તેનું સ્ટ્રક્ચર થઈ ગયું હતું. આ અંગેની અનેક રજૂઆતો પાલિકામાં આવી હતી. જેને ધ્યાને લઈને પરિસ્થિતિ જોતા પાણી ટાંકી અચાનક ધરાશાયી થાય અને કોઈ દુર્ઘટના સર્જાય તે અગાઉ પાલિકા તંત્ર દ્વારા પાણીની ટાંકી દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ ટાંકી ખાતેથી જે પાણી પુરવઠો મળતો હતો તે બુસ્ટિંગ કરી છેલ્લા એક મહિનાથી પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે.